# સાબરકાંઠા જિલ્લાના પાંચ તાલુકા ગ્રાન્ટેબલ બી.એડ્. કોલેજથી વંચિત

તલોદ, તા. ૨૯

ગુજરાત રાજય શિક્ષણક્ષેત્રે ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. જેમાં રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત પણ કરાય છે અને શિક્ષણ માટે આવાસોથી માંડીને તમામ રીતે ગ્રાન્ટ પણ પૂરી પડાય છે. પરંતુ સાબરકાંઠા જિલ્લાના પાંચ તાલુકા ઉચ્ચશિક્ષણથી વંચિત રહે તેવી સ્થિતિ પેદા થઈ છે. આ પાંચે તાલુકાના આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થઈ રહ્યો છે. જેથી આ અંગે મુખ્યમંત્રી સહિત શિક્ષણ વિભાગને આ પાંચ તાલુકામાં ગ્રાન્ટેબલ બી.એડ્. કોલેજ શરૂ કરવા માંગ કરાઈ ચે.

રાજય સરકાર શિક્ષણ ઉપર વધુ ભાર મુકે તે અંગેના સક્રીય પ્રયાસો કરે છે. પરંતુ શિક્ષણ અંગેની કેટલીક બાબતો સરકારના ધ્યાને ઉપર લાવવામાં આવતી નથી. જેથી સરકારના શ્રેષ્ઠ પ્રયાસો વગોવાય છે. તેમાં સાબરકાંઠા જિલ્લાના પાંચ તાલુકા ઉચ્ચ શિક્ષણ જેમ કે ગ્રાન્ટેબલ બી.એટ કોલેજથી અત્યાર સુધી વંચિત રહ્યા છે.

પ્રાંતિજ, તલોદ, હિંમતનગર, ધનસુરા અને બાયડમાં શિક્ષણ પ્રત્યે સારો દેખાવ રહ્યો છે. જેમાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ જાતિના ૬૦ ટકા વિદ્યાર્થીઓ પણ સામેલ છે. પરંતુ આર્થિર રીતે સક્ષમ ન હોવાથી હાલનું મોઘુંદાટ શિક્ષણ તેઓ મેળવી શકતા નથી. જેથી તેજસ્વી વિદ્યાર્થીઓ હાથ મજૂરી કરી પરિવારનું ભરણપોષણ કરવા મજબૂર બને છે. આમ સરકારી સહાય ન ધરાવતી કોલેજમાં અભ્યાસથી વંચિત વિદ્યાર્થીઓ માનસિક હતાસામાં પડી ખરાબ સોબત અને વ્યસનના રવાડે ચડી જતા હોય છે.

જિલ્લાના આ પાંચ તાલુકામાં સરકારી સહાયથી બી.એડ્. કોલેજ શરૂ કરવામાં આવે તો અનેક વિદ્યાર્થીઓના ભાવિ ઘડાય તેમ છે. જેથી મુખ્યમંત્રી તેમજ શિક્ષણવિભાગમાં પેન્ડીંગ પડી રહેલી કોલેજ શરૂ કરવા અંગેની માંગણીઓ સત્વરે સંતોષાય તો વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળી શકે અને શિક્ષણનું સ્તર ખૂબ જ ઉચું આવવાની શકયતાઓ છે.

## ખારેડા પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ઉલ્લાસભેર ઉજવણી

ડીસા, તા. ૨૯

પાટણ તાલુકાના ખોરડા ગામે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ધ્વજવંદનનો તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના આરંભે રાષ્ટ્રગીત વંદેમાતરમ્ સહિતના ગીત અને દેશભક્તિને લગતા નારાઓ લગાવ્યા હતા. આ પ્રસંગે સરપંચ ઈન્દિરાબેન ઠાકોરના પતિ વિક્રમસિંહ ઠાકોરના હસ્તે ધ્વજવંદન કરાયું હતું.

શાળાના બાળકોએ નાટકો, ગીતો, ગરબા, બાળગીત, વક્તૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય જેવા કાર્યક્રમ રજુ કર્યા હતા. શિક્ષકોની મહેનતની ગ્રામજનોએ પ્રસંશા કરી હતી. તેમજ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોના ફાળાથી બાળકોને લાડુ, દાળભાત અને પુરી શાકનું તિથીભોજન આપવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના સાદોલિયા-મહુડી રોડ પર બાઈક-ઈનોવા વચ્ચે અકસ્માત

### અકસ્માતમાં ૩ વ્યક્તિના ઘટના સ્થળે મોત : ત્રણ વર્ષની બાળકીનો આબાદ બચાવ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ તાલુકાના સાદોલીયા-મહુડી જવાના માર્ગ પર આજે સવારના સુમારે બાઈક અને ઈનોવા કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ વ્યકિતના સ્થળ પર મોત નિપજયા હતા. જયારે અન્ય એક ત્રણ વર્ષના બાળકનો આબાદ બચાવ થયો છે. ઘટના અંગે પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ તલોદ તાલુકાના પાશીના મુવાડા ગામના નરેન્દ્રસિંહ રાઠોડ તેની પત્ની અને બાળકો સાથે તેમનું બાઈક નં. જી.જે. ૯-સી.ડી. ૨૦૫૦૭ લઈને પોતાની સાસરી ખડાત (તા. માણસા) જઈ રહ્યા હતા ત્યારે નેશનલ હાઈવે ક્રોસ કરી મહેસાણા-સાબરકાંઠાને જોડતા સાદોલીયાથી ખડાત જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી ઈનોવા કાર નંબર જી.જે. ૧૫ ડી.બી. ૪૪૪૧ના ચાલકે ગફલતભરી રીતે હંકારીને સામેની બાજુએથી આવતી બાઈક સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત સર્જાતા આસપાસના લોકોને જાણ થતા લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટયા હતા. આ ગોઝારા અકસ્માતમાં બાઈક ચાલક નરેન્દ્રસિંહ રાઠોડ ઉ. ૨૫, ચંદ્રીકાબા નરેન્દ્રસિંહ રાઠોડ ઉ.વ. ૨૪ તેમજ શ્રવણ નરેન્દ્રસિંહ રાઠોડ ઉ.વ.૫ના સ્થળ પર જ મોત નિપજયા હતા જયારે ત્રણ વર્ષની બાળકી અકસ્માતમાં દુર ફંગોળાઈ જતાં બચી જવા પામી છે. પરિવારના ત્રણ સભ્યોના મોતના સમાચાર તલોદ તેમજ પાશીના મુવાડા ગામે પહોંચતા ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી. જયારે અકસ્માતમાં બચી જનાર બાળકીને લોકો 'રામ રાખે તેને કોણ ચાખે'ની વાતને માની કુદરતની અનોખી લીલા સમજી હતી. ઘટનાની ફરિયાદ કાલુસિંહ રાઠોડે પ્રાંતિજ પોલીસ સ્ટેશને નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસા-થરાદ રોડ પર રામપુરા ગામ નજીક દુધ ટેન્કર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં એકનું મોત





ડીસા, તા. ૨૯

ડીસા તાલુકાના રામસણ ગામ પાસે ગતરાત્રીએ બનાસડેરીના દુધ ભરેલ ટેન્કર અને એક આઈસર ટ્રક વચ્ચે થયેલ ગમખ્વાર અકસ્માતમાં દુધ ટેન્કરનો ચાલક કરૂણતાએ મોતને ભેટેલ છે. આ મામલે ભીલડી પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા ગતરાત્રીએ સાંજે આઠ વાગ્યાના સુમારે બનાસડેરીનું દુધ લઈ આવતાં ટેન્કરના ચાલક પીરાભાઈ જોધાભાઈ રાજપુત. ઉ.વર્ષ. ૨૨, રહે. ગામ દેણપ. તા. થરાદવાળાઓ થરાદથી પાલનપુર પરત જતા હતાં. તે દરમીયાન રામપુરા ગામ પાસે સામેથી આવતાં આઈસર ટ્રકના ચાલકે ગફલત ભર્યા ડ્રાઈવિંગે દુધ ટેન્કરને ટર મારી હતી. જેથી બંન્ને ટ્રકના ચાલકોને ઈજાઓ થઈ હતી. જેમાં દુધ ટેન્કરના ચાલક પીરાભાઈ જોધાભાઈ રાજપુતનું આ અકસ્માતમાં મોત થયું હતું. આ અકસ્માતે જાણ થતાં ભીલડી પોલીસ ઘટના સ્થવે પહોંચી હતી. અને મૃતકની લાશનો કબજો સંભાળી પી.એમ.અર્થે ડીસાની સરકારી હોસ્પીટલ ખાતે ખસેડી હતી. આ અકસ્માત મામલે મૃતકના કાકા ગણેશજી રાજપુતે ભીલડી પોલીસ મથકે આઈસર ટ્રક ચાલક વિરૂધ્ધ ફરીયાદ આપતાં ભીલડી પોલીસે ફર્સ્ટ. ગુ.ર.નં. ૪/૨૦૧૩ આઈ. પી. સી. કલમ. ૨૭૯, ૩૦૪(અ) વિગેરે મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. આ મામલે ભીલડી પોલીસ મથકના હેડ કોન્સટેબલ અમરતભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સાબરકાંઠા નગરપાલિકા ચૂંટણીમાં ૬૩ મૂરતિયા મેદાનમાં

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટરોની તા. ૧૦મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી ચૂંટણીમાં કુલ ૬૩ જેટલા ઉમેદવારો મેદાને હતા જેમાં પાંચેક ઉમેદવારો દ્વારા ઉમેદવારી પરત ખેંચાતા બાકીના કોંગ્રેસના ૧૮ ભાજપના ૧૮ તેમજ ૨૭ અપક્ષ ઉમેદવારો આમને સામને ચૂંટણીના ખેલ ખેલનાર છે.

ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર રીકેશ પટેલની ઉપસ્થિતિમાં પાંચ અપક્ષ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી ભાજપ પણ વિધાનસભાના ચોંકાવનારા પરિણામો પછી એલર્ટ બની બરાબરનું આત્મમંથન કરી ચૂંટણીનો વ્યુહ ઘડી રહ્યું છે. એ જ રીતે કોંગ્રેસ પણ ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસના સારા પરિણામો પછી પ્રાંતિજ નગરપાલિકા હસ્તગત કરવા રાજકીય સોગઠાબાજી કરી રહ્યું છે. ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા કાર્યકરો દ્વારા ગોઠવાઈ રહ્યા છે. રાજકીય દાવપેચમાં એકબીજાને પછડાટ આપવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

# ગરીબોની કસ્તુરી મોંઘા થઈ

ઊંઝા, તા. ૨૯

ગરીબોની કસ્તુરી ગણાતી શાકભાજીની ખાદ્યચીજ ડુંગળીના ભાવમાં વધારો થતાં સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ડુંગળી ખાવી મોંઘી થઈ પડી છે.

કહે છે કે, ચાલુ વર્ષે ડુંગળીનું વાવેતર ઓછું થયેલ છે. સરકારે ડુંગળીની નિકાસ માટેની છૂટ આપી છે. જેથી પાકના ઓછા ઉત્પાદનના અંદાજે છેલ્લા દોઢેક માસથી ડુંગળીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલ બજારમાં છૂટક વિક્રેતાઓ એક કિલોના ૩૦ રૂપિયાના ભાવે વેચાણ કરે છે. સામાન્ય રીતે ડુંગળી છૂટકમાં ૧૦ થી ૧૫ રૂપિયે કિલો મળતી હોય છે પરંતુ શાકભાજી બજારમાં બહારથી ઓછી આવકો અને લગ્નસરાની સિઝન તથા બજારમા માલના ઉપાડને પગલે ભાવમાં ઉછાળો આવ્યો છે. અત્યારે શાકભાજી બજારોમાં નવા માલની આવકો ઓછી છે. પરંતુ આગળ ઉપર આવકો વધશે ત્યારે ભાવ ઘટશે તેવું અનુમાન છે.

# પાલનપુર સિવિલમાં દર્દીનું મોત થતાં પરિવારજનોનો તબીબ પર હુમલો

પાલનપુર, તા. ૨૯

પાલનપુર સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ફરજ બજાવતા એમ.ઓ. પર સારવાર અર્થે લાવેલા દર્દીનું મોત નિપજતાં તબીબ પર આક્ષેપો કરી તબીબના કારણે મોત નિપજ્યું છે તેવું સમજીને તબીબ પર હુમલો કરાતાં ગડદાપાટુનો માર મારતા ટ્રોમાનું વાતાવરણ ઉત્તેજક બની જવા પામ્યું હતું. તબીબે હુમલો કરનારા સામે પૂર્વ શહેર પોલીસમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી છે.

પાલનપુર સિવિલના ટ્રોમા સેન્ટરમાં પાલનપુરના ભરતભાઈ કાન્તિભાઈ આલીયા ઉ.વ. ૨૮ને બીમારીના કારણે સારવાર અર્થે લાવ્યા હતા. ત્યાં તબીબ ડૉ. ભૈદરૂએ તપાસ કરીને દર્દીમાં લોહી ઓછું હોવાના કારણે તાત્કાલિક દર્દીના સગા પાસે લોહી મંગાવેલ. પણ સગાવ્હાલા લોહી ન લાવી શકતા બ્લડની વ્યવસ્થા ન થતાં દરર્દીનું મોત થતાં ટ્રોમા ખાતે દર્દીના સગા દ્વારા ભારે હોબાળો કરીને ફરજ પરના તેમના પર હુમલો કરતાં ગડદાપાટુનો માર મારેલ અને તબીબના ચશ્મા તોડી નાખ્યા હતા. આ બાબતે તબીબ ડૉ. ભેંદરૂએ પૂર્વ પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાઈ હતી.

# પાલનપુર તાલુકાના બાદરપુર નજીક જીપ, બાઈક વચ્ચે અકસ્માત : એકનું મોત

પાલનપુર, તા. ૨૯

પાલનપુર પંથકમાં દિન પ્રતિદિન અકસ્માતોનો ગ્રાફ વધતો જાય છે. માર્ગો રકતરંજીત બને છે. ગતરોજ પાલનપુર તાલુકાના બાદરપુર નજીક બાઈક અને જીપ વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજતાં ચકચાર મચી જવા પામી હતી. મૃતક વિધવા માતાનો એકનો એક પુત્ર હતો. અકસ્માત બાદ ઉશ્કેરાયેલા ટોળાએ અકસ્માત કરનાર જીપને સળગાવી નાંખી હતી.

પાલનપુરના બાદરપૂરા નજીક આશરે સવારના સાત કલાકના સુમારે ગામનો કમલેશકુમાર ગોવાભાઈ ચૌધરી ઉ.વ. ૧૫ બાદરપુરાથી ભૂતેડી ગામે દૂધ આપવા માટે જી.જે. ૨૪-૯૭૦૦ નંબરનું બાઈક લઈને ખેતરમાં નેડીયામાંથી બહાર રોડ પર આવી રહ્યા હતા ત્યારે અચાનક ભૂતેડી તરફથી આવી રહેલી કમાન્ડર જીપના ચાલકે બાઈકને ધડાકાથી ટક્કર મારતાં બાઈક ચાલક હવામાં ફંગોળાઈને જમીન પર પટકાતા ગંભીર રીતે ઘવાતા ઘટના સ્થળે જ મોત થવા



પામ્યું હતું. જયારે જીપની ઝડપ વધારે હોવાના કારણે ચાલકે કાબુ ગુમાવતા અકસ્માત સ્થળેથી દૂર જઈને ઉભી રાખી હતી. અકસ્માતની જાણ થતાં ગામ લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને મૃતકને પી.એમ. અર્થે પાલનપુર સિવિલ ખાતે લઈ જવાયો હતો. જયારે લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ અકસ્માત કરનારી જીપને ગુસ્સામાં આવીને સળગાવી નાખી હતી. કરૂણતા એ હતી કે મૃતકના પિતા મૃત્યુ પામ્યા હતા જયારે તેમના ઘરમાં વિધવા માતાનો એક સહારો આ પુત્ર હતો. તે પણ અકસ્માતમાં મૃત્યુ પામતાં માતા ભાંગી પડી હતી. અચાનક થયેલા અકસ્માતે વિધવાના ઘરનો દીપ બુઝાવી નાંખ્યો છે. કિશોરના આ મોતના સમાચારથી સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# પાલનપુરના જનતાનગર ખાતે યુવક પર તલવારથી હુમલો : યુવાન સારવાર હેઠળ

### મહિલાઓ વચ્ચે થયેલ ઉગ્ર બોલાચાલીમાં મામલો બીચક્યો હતો

પાલનપુર, તા. ૨૯

પાલનપુરના જનતા નગર ખાતે એકજ કોમની બે મહિલાઓ વચ્ચે કોઈક કારણસર ચકમક જરતાં બોલાચાલી થવા પામી હતી. આ મહિલાઓના ઝગડામાં પુરૂષો વચ્ચે પડતાં મામલો ઉગ્ર બન્યો હતો.

આ ઝધડામાં જનતાનગરના ઈરફાન ફરીદભાઈ શેખ ઉમર રસુલભાઈ ચૌહાણ તબસ્સુમબેન ફરીદભાઈ શેખ તથા અન્ય તલવાર લઈને આવીને સીકંદરખાન યાકુબખાન બલોચ પર હુમલો કરતાં સીકંદરભાઈના કમરના ભાગે ઘા વાગતા તેમજ લાકડીઓથી માર મારી ઈજાઓ પહોંચાડી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલમાં ખસેડાયા હતા. પોલીસે ફરિયાદની તજવીજ હાથ ધરી હતી.

# કેન્દ્ર સરકારે પસાર કરેલ સહકારી કાયદા મુજબ સહકારી સંસ્થાઓની ચૂંટણી કરવા રજૂઆત

મોડાસા, તા. ૨૯

રાજયમાં કેટલીક સહકારી સંસ્થાઓની મુદત પૂર્ણ થતાં ચૂંટણીઓ આવેલ છે. આ અંગે રાજયના સહકારી રજીસ્ટારોએ જે તે સંસ્થાઓ પાસેથી મતાધીકાર માટે ઠરાવો માગેલ છે. ત્યારે કેન્દ્ર સરકાર નવો સહકારી કાનૂન પસાર કરેલ છે. જેમાં મુખ્યત્વે બોડના સભ્યોમાં બે મહિલા એક અનુસૂચિત જાતિ અને જનજાતિનો સમાવેશ કરવા જોગવાઈ કરેલ છે. તેમજ બોર્ડની મુદત ત્રણ વર્ષના બદલે પાંચ વર્ષની જોગવાઈ છે. જેનો અમલ ગુજરાત રાજયમાં તા. ૧૩-૨-૨૦૧૩ થી લાગુ પડે છે. ત્યારે કેન્દ્ર સરકારના કાયદા મુજબ નવી ચુંટણીઓ થાય તે માટે રાજયના સહકારી ખાતાથી જરૂરી કાયદાકીય પગલાં લેવા સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે રાજયની સહકારી સચીવશ્રીને પત્ર લખી માંગણઈ કરેલ છે. તેઓએ વધુમાં જયાં સુધી કેન્દ્ર સરકારના કાયદા મુજબ ચૂંટણી કરવાની કાનૂની કાર્યવાહી મોકુફ રાખવા જિલ્લાના સહકારી રજીસ્ટારોને જરૂરી સુચના આપવા રજૂઆત કરેલ છે.

# વાવ ખાતે શાળા પાસે રમતા બાળકને ટેન્કરે ટક્કર મારતા બાળકનું મોત

પાટણ, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના આંતરીયાળ વાવ તાલુકાના વાવ ખાતે માર્ગ પર આવેલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો સાત વર્ષનો ગીરીષ પ્રભુભાઈ હરીજન શાળામાંથી છુટીને પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે સામેથી માતેલા સાંઢની જેમ પૂરઝડપે આવતા ટેન્કરે બાળકને અડફેટમાં લેતાં બાળક ગંભીર રીતે ઘવાયો હતો.જેને તાત્કાલિક વધુ સારવાર મળે તે માટે પાલનપુર સિવિલ ખાતે ખસેડાયો હતો. તે દરમ્યાન રસ્તામાં જ તેનું મોત નિપજતાં ભારે ગમગમીની છવાઈ હતી. આમ છેવાડાના ગામથી ઘાયલ બાળકને પાલનપુર લવાતાં સમય થતાં બાળકનું મોત થવા પામ્યું છે.

# મલાણાના સસ્તા અનાજની દુકાનના સંચાલકની પાલનપુર તાલુકા પોલીસે અટક કરી

પાલનપુર, તા. ૨૯

પાલનપુર હેડ ક્વાર્ટસ ખાતે ઝડપાયેલા ઘઉં-ચોખાની જીપના ચાલકની ધરપકડ કરીને પીબીએમ કરી રાજકોટ જેલના હવાલે કરાયો હતો. ત્યારબાદ ઝડપાયેલ જથ્થો ક્યાંથી આવ્યો તે સંદર્ભે પૂરવઠાના નાયબ મામલતદાર બી.એમ. ખરાડીએ તા. ૧૬-૧-૧૩ થી ૧૮-૧-૧૩ ગુનો બન્યા તારીખનો ગુનો નોંધાવ્યો હતો. જેમાં મલાણાના સંચાલક એમ.એસ. છત્રાલીયાએ ઘઉં, ચોખા, દાળ, કેરોસીન બી.પી.એલ.ના ખોટા બીલો બનાવી માલ સગેવગે કરી બારોબાર વેચવાના ગુના સંદર્ભે પાલનપુર તાલુકા પોલીસે અટકાયત કરી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮